

## બાયડ પ્રાંત કચેરી આગળ ખેડૂતોનું ઉપવાસ આંદોલન

બાયડ તાલુકાના ચોઈલા ગામના ૧૦ જેટલા ઉપરાંત ખેડૂતો બાયડ પ્રાંત કચેરી આગળ ઉપવાસ આંદોલન પર બેઠા છે. ચોઈલા ગામથી નારમીયાની મુવાડીને જોડતા ડામર રોડમાં ખેડૂતોની જમીન રોડમાં ગઈ હતી પરંતુ આજ દિન સુધી આ ખેડૂતોને વળતર આપવામાં આવ્યું નથી અવાર-નવાર તંત્ર સામે રજુઆત કરીને થાકેલા ખેડૂતોએ ના છુટકે ઉપવાસ આંદોલન કરવામાં આવ્યું હતું. ચોઈલાથી નારમીયાની મુવાડીને જોડતા રોડનું વળતર ન મળતા ઉપવાસ આંદોલન.

# અરવલ્લી પોલીસતંત્રના ત્રણ પીઆઈ કોરોનાગ્રસ્ત થતા હોમકોરન્ટાઈન થયા

### કોરોનાના ભરડામાંથી પોલીસ પણ બાકાત નથી પોલીસબેડામાં ફફડાટ

મોડાસા, તા. ૨૭

પૂર, ભારે વરસાદ, ભૂકંપ, મહામારી, આફત, તોફાન જેવા કોઈ પણ સંકટના સમયે પોલીસ ડિપાર્ટમેન્ટ હંમેશા પોતાની ફરજ નિભાવવા માટે તૈયાર છે. હાલ કોરોના કાળ ચાલી રહ્યો છે ત્યારે પોલીસકર્મીઓ જીવના જોખમે પોતાની ફરજ ઈમાનદારીપૂર્વક નિભાવી રહ્યા છે. દિવાળી પર્વમાં લેવાયેલી છૂટછાટથી વકરેલા કોરોનાથી પોલીસ પણ બચી શકી નથી રાજયમાં અત્યાર સુધી અનેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ દરમિયાન કોરોનાગ્રસ્ત થઈ મોત સામે જંગ હારી ચુક્યા છે ત્યારે અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ત્રણ પીઆઈ કોરોનામાં સપડાતા હોમકોરન્ટાઈન થયા છે. જીલ્લા પોલીસ ભવનમાં અને ટાઉન પોલીસ સ્ટેશનમાં કોરોનાએ પગપેસારો કરતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં કોરોનાનો ભય પેદા થયો છે.



વૈશ્વિક કોરોના મહામારીમાં સમગ્ર દેશ પ્રભાવિત થયો છે. એવામાં આ મહામારીમાં પોલીસ કર્મચારીઓ પણ બાકાત રહ્યા નથી. અરવલ્લી જિલ્લા ટ્રાફિક પીઆઈ મનીષ વસાવા, જીલ્લા એસઓજી પીઆઈ જે.પી. ભરવાડ અને મોડાસા ટાઉન પીઆઈ સી.પી. વાઘેલા કોરોનામાં સપડાતા ત્રણે પોલીસ અધિકારીઓ હોમ કોરન્ટાઈન થયા છે એક સાથે ત્રણ પીઆઈ કોરોનામાં સપડાતા તેમની સાથે ફરજ બજાવતા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. ગંભીર બાબત એ છે કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવવાની સાથે લોકોની સેવા માટે ખડેપગે ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં કોરોનાનો ઉછાળો નોંધાતા પોલીસ બેડામાં કોરોના સંક્રમણનું સંકટ ઘેરું બન્યું છે.

# મજબુર લોકો...ઘોર બેદરકારી : સોશિયલ ડિસ્ટન્સની મજાક બનાવી બેંકો આગળ લાઈનો

### મેઘરજ બેંક ઓફ બરોડા બહાર ગ્રાહકોની ભીડ જામી, માસ્ક પણ નહિ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લામાં કોરોનાથી લોકોના ટપોટપ મોત નીપજી રહ્યા છે. સતત લોકો જમા થતા લોકો રૂપિયા ઉપાડવા ધસારો કરતા હોવાથી બેંકો બહાર ભીડ ઉમટી રહી છે.

મેઘરજ નગરમાં આવેલ સમગ્ર રાજ્યમાં દિવાળીના તહેવારો બાદ ફરી કોરોના વાયરસનું સંક્રમણ ભયજનક રીતે વધી રહ્યું છે ત્યારે સરકાર દ્વારા



કોરોનાગ્રસ્ત બની રહ્યા હોવા છતાં જાણે કોરોનાનો ડર ના રહ્યો તેમ લોકો સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરી ભીડ જમાવી રહ્યા છે. મોટા ભાગની બેંકોમાં અંદર અને બહાર ભીડ જોવા મળી રહી છે. લોકડાઉન બાદ છૂટછાટ દરમિયાન બેંકો બહાર અને અંદર સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા દોરેલ સર્કલ પણ ભૂંસાઈ ગયા છે. બેંકના કર્મચારીઓ સતત કોરોનામાં સપડાઈ રહ્યા હોવાની સાથે સુપર સ્પ્રેડર બની શકે છે. કેન્દ્ર સરકારની વિવિધ સહાયના રૂપિયા બેંકોમા બેંક ઓફ બરોડા(દેના બેંક) બહાર ગ્રામ્ય વિસ્તારના મજબુર જણાતા ગ્રાહકોએ સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવ્યા હતા. તંત્ર અને બેંક અધિકારીઓ દ્વારા કડકાઈ દાખવી સોશિયલ ડિસ્ટન્સનુ પાલન કરાવે તે જરૂરી બન્યુ છે. બાયડ એસબીઆઈ બેંકમાં પણ કોરોનાએ પગ પેસારો કર્યો છે બે કર્મચારીઓ કોરોનાગ્રસ્ત બનતા બેંકને સૅનેટાઇઝ કરી અન્ય કર્મીઓના રેપીડ ટેસ્ટ માટે આરોગ્ય વિભાગે તજવીજ હાથ ધરી હતી. કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે તમામ પ્રકારના પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યાં છે પરંતુ બીજી બાજુ પ્રજાજનોમાં પણ ક્યાંક ને ક્યાંક કોરોના વાયરસ પ્રત્યે ગંભીરતાનો અભાવ જોવા મળી રહ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ દિવાળીના તહેવારો બાદ કોરોના વાયરસના કેસોમાં સતત વધારો થયો છે ત્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ચાર દિવસમાં ૩૦ થી વધુ પોઝીટીવ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

# બાયડ એસબીઆઈના ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમિત

### પાંચ દિવસ બેંકનું કામકાજ બંધ કરી દેવામાં આવ્યું : બેંક ની મુલાકાત લીધેલ લોકોમાં ફફડાટ ફેલાયો

બાયડની એસબીઆઈ બેક્ર ના કર્મચારીઓને કોરોના નું રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતા મુલાકાત લીધી લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો જ્યારે બેંકનું કામકાજ પાંચ દિવસ માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. અરવલ્લી જિલ્લામાં કોરોના ના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે સતત કોરોના ના કેસ લઈ લોકોમાં ભય ઉભો થયો હતો તંત્ર દ્વારા કોરોના ને કાબુ કરવા માટે અને પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે સરકાર દ્વારા પણ અનેક ગાઈડ લાઈનનો બહાર પાડવામાં આવી રહી છે.

# પાલનપુર નગરપાલિકામાં માસ્ક પહેર્યા સિવાય પ્રવેશ નહી મળે

પાલનપુર નગરપાલિકામાં કામ અર્થે આવનાર તમામ વ્યક્તિએ માસ્ક ફરજીયાત પહેરવુ પડશે અને માસ્ક વગર પાલિકાના ગેટમાંથી અંદર પ્રવેશ કરવા દેવામાં આવશે નહી. કોરોના વાયરસના કેસમાં દિન પ્રતી દિન વધારો થઈ રહ્યો છે.જેમાં પાલિકાના ચિપ ઓફીસર સહીત ટાઉન પ્લાનિંગના ત્રણ કર્મચારીઓનો કોરોના રીપોટ પોઝીટીવ આવ્યો હતો.જેના પગલે પાલિકામાં કામ સિવાય કચેરીમાં આવતા વ્યક્તિઓ પર પ્રતિબંધ કરી નગરપાલિકાની બિલ્ડીંગમાં પ્રવેશ કરનાર તમામ વ્યક્તિ તેમજ કર્મચારી માટે માસ્ક ફરજીયાત કરવામાં આવ્યુ છે. પાલિકામાં કામ અર્થે જનાર તમામ વ્યક્તિ દ્વારા માસ્ક ફરજીયાત કરવામાં આવ્યુ હોવાનું પાલિકાના સુત્રોએ જણાવ્યું હતુ.

# ધાનેરા નગરપાલિકા મામલતદાર અને પોલીસ ટીમ દ્વારા માસ્ક માટે સઘન ચેકિંગ

બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે ત્યારે લોકો કોરોના સંક્રમણમાં ના આવે તે માટે તંત્ર પણ રાત-દિવસ મહેનત કરી રહ્યું છે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં મામલતદાર બી.એસ.ખરાડી ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર સમીરસિંહ ડાભી સહિત તેમની ટીમ તેમજ નગરપાલિકામાંથી રામભાઈ સોલંકી તેમજ તેમની ટીમ દ્વારા ધાનેરાના શહેરી વિસ્તારમાં માસ્ક તેમજ શોશિયલ ડિસટન્સ માટે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# મોડાસામાં ટેકાના ભાવે મગફળી કેન્દ્ર પર વજનકાંટા વધારવા માંગ બે જ કાંટા હોવાથી ખેડૂતોને હાલાકી

### મેઘરજ કેન્દ્ર પર ઠંડીમાં ઠુંઠવાતા ખેડૂતો

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર નોંધણી પ્રક્રિયાથી મગફળી લઈ પહોંચતા ખેડૂતો અનેક પ્રકારની અડચણો આવેની માંગ કરી રહ્યા છે. વજનકાંટાની ઓછી સુવિધાના અભાવે ખુડૂતોને ભૂખ્યા તરસ્યા પડી રહેવું પડે છે મેઘરજમાં મજુર ઓછા હોવાથી મગફળી ખરીદીની રહ્યો છે. ખરીદકેન્દ્ર પર મગફળી વેચાણ માટે વિવિધ વાહનો સાથે પહોંચતા ખેડૂતો ભૂખ્યા તરસ્યા બેસી રહેવાનો વારો આવવાની સાથે વાહનોના ભાડા પણ ડબલ ચૂકવવા



અને ખરીદ કેન્દ્રો પર પ્રાથમિક સુવિધાના અભાવે ભારે યાતનામાંથી પસાર થવું પડતું હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે ત્યારે મોડાસાના બાજકોટ માર્કેટયાર્ડમાં ઉભા કરાયેલ ટેકના ભાવે મગફળી કેન્દ્ર પર બે જ વજન કાંટા હોવાથી મગફળીની ધીમી ખરીદી થતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતો ખરીદકેન્દ્ર પર વધુ બે કાંટા વધારવામાં ધીમી પ્રક્રિયાથી ખેડૂતો ઠંડીમાં ઠુઠવાઈ રહ્યા છે.

મોડાસા તાલુકાના ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચાણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ દરરોજ ૨૫ જેટલા ખેડૂતો મગફળી વેચાણ માટે પહોંચતા ખરીદ કેન્દ્ર પર વજન કાંટા પૂરતા પ્રમાણમાં ન હોવાથી મગફળીની ખરીદી મંથરગતિએ ચાલતા ખેડૂતોનો ભારે હાલાકીનો સામનો કરવો પડી પડી રહ્યા હોવાની બૂમો ઉઠી છે. ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ખરીદ કરતા અધિકારીઓ અને કર્મચારીઓ પણ અપૂરતા વજન કાંટા હોવાથી લાચારી અનુભવી રહ્યા છે. ત્યારે મોડાસાના બાજકોટ ખાતે ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર બે વજન કાંટા વધારી ૪ વજન કાંટા કરવામાં આવે તો ખેડૂતોની યાતના ઓછી થાય તેવું ખેડૂતો અહેસાસ અનુભવી રહ્યા છે.

# શહેરા શિક્ષણ વિભાગ દ્વારા ભારતીય બંધારણ દિવસની વિવિધ સ્પર્ધાઓ સાથે ઉજવણી કરાઈ

બાયડ, તા. ૨૭

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિનોદ પટેલ અને બી.આર.સી. કૉ.ઓર્ડીનેટર શહેરા ડૉ.કલ્પેશ આર. પરમારના માર્ગદર્શન હેઠળ શહેરા તાલુકાના ૧૮૩૬ શિક્ષકો પોતાના કાર્યક્ષેત્રમાં આવેલ ગામ, ફળિયા અને ઘેર ઘેર જઈ બાળકો, વાલીઓ, શાળા શિક્ષા અભિયાન શહેરાના આયોજન હેઠળ ભારતનું બંધારણને વધુ લોકો સુધી પહોંચાડવા શહેરા તાલુકાના બાળકોએ ચિત્ર, રંગોળી, નિબંધ, વક્તૃત્વ અને અનેક વિવિધ સ્પર્ધાઓમાં ૨૬૧૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શહેરા શિક્ષણ વિભાગનો તાલુકા કક્ષાનો કાર્યક્રમ અણીયાદ



વ્યવસ્થાપન સમિતિના સભ્યો, સ્થાનિક સત્તામંડળ અને જાગૃત નાગરિકો સાથે કોવિડ- ૧૯ ની ગાઈડલાઈન મુજબ ઉપસ્થિત રહી ડૉ.ભીમરાવ આંબેડકર રચિત ભારત દેશના બંધારણની ઉજવણી અંતર્ગત દેશના પ્રધાનમંત્રી દ્વારા ૧૧ કલાકે કરવામાં આવેલ આમુખનું વાંચન કાર્યક્રમમાં સહભાગી થઈ તમામ શિક્ષકો પોતે પણ ભારતનુંબંધારણના આમુખનું વાંચન કરીને બંધારણના મૂલ્યો અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે પ્રસ્થાપિત કરવાનો અને તેના સર્વ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મને ઉપાસનાની સ્વતંત્રતા દરજ્જા અને તકની સમાનતા પ્રાપ્ત થાય તેમ કરવાનો અને તેઓ સર્વમાં વ્યક્તિનું આત્મસન્માનની જાળવણી અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની ખાત્રી આપતી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને અમારી સંવિધાન સભામાં ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ સંવિધાન અપનાવી તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ વગેરે મૂલ્યોનું જતન થાય તે માટે આ ઉજવણી કરવામાં આવેલ છે. સમગ્ર ક્લસ્ટરની ગુવાલીયા પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યો હતો.

જેમાં બી.આર.સી. કો.ઓર્ડીનેટર શહેરાએ ડૉ.ભીમરાવ આંબેડકર રચિત ભારતનું બંધારણ સંદર્ભે અણીયાદ અને નરસાણા ક્લસ્ટરના પ્રજ્ઞા શિક્ષકો, વિજયભાઈ પટેલ, જયપાલસિંહ બારીઆ, કલ્પેશભાઈ પટેલ, નટવરસિંહ ચૌહાણ, નરેન્દ્રભાઈ બારીઆ, ભવાનસિંહ, દૌલતસિંહ વગેરે માર્ગદર્શન આપી સૌને ઉજવણીમાં ઉત્સાહભેર જોડ્યા હતા.

# દધાલિયા-મોરાના જંગલમાં ત્રણ દીપડા જોવા મળતાં કારચાલકે દીપડાને કેમેરામાં કેદ કર્યો

### માનવ વસ્તી નજીક દીપડાનો પરીવાર જોવા મળતા લોકોમાં ફફડાટ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં હિંસક પ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે, છેલ્લા કેટલાક સમયથી દીપડાઓ અરવલ્લીની ગિરિમાળાઓમાંથી બહાર નીકળી ભિલોડા, શામળાજી, મેઘરજ અને માલપુર પંથકમાં માનવ વસ્તીમાં પ્રવેશી આતંક મચાવી પશુઓનું મારણ કરતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે, ત્યારે દધાલિયા નજીક આવેલા મોરાના જંગલમાં દીપડાના પરિવારે ધામાં નાખતા દીપડાની હાજરીથી પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. રોડ પરથી પસાર થતા કાર ચાલકને રોડ નજીક જંગલમાં એક સાથે ત્રણ દીપડા જોવા મળતા ઉભો રહી ગયો હતો અને એક દીપડો કેમેરામાં કેદ થયો હતો.



મોડાસા તાલુકાના દધાલિયા ગામ નજીક અરવલ્લીની ગીરીમાળાઓમાં દીપડાઓ સહીત વન્ય પ્રાણીઓ મોટી સંખ્યામાં વસવાટ કરી રહ્યા છે ત્યારે દધાલિયા નજીક આવેલા જંગલમાં અને ખેતરોમાં દીપડાઓ લટાર મારતા રોડ પરથી પસાર થતા કાર ચાલકને એક સાથે ત્રણ દીપડા જોવા મળતા દીપડાની તસ્વીર મોબાઈલ કેમેરામાં કંડારી લીધી હતી અને લોકોને દીપડો જંગલમાં ફરતો હોવાની માહિતી અપાતા લોકોમાં દીપડાના આતંકના દહેશતથી ભયનો માહોલ છવાયો છે. શિયાળુ ખેતીનો સમય હોવાથી ખેતી કામમાં સીમાડાઓ ધમધમી રહ્યા હોવાની સાથે ખેડૂતો પાકને જંગલી પ્રાણીઓના ભેલાણથી બચાવવા ખેતરોમાં રાત્રી મુકામ કરી રહ્યા છે તેવી ઘડીએ દીપડાએ દેખા દેતા ખેડૂતો ખેતરમાં પગ મુકતા પણ ફફડી રહ્યા છે. દીપડાઓ ઝાડીઓ અને ખેતરમાં પાકની વચ્ચે છુપાઈ રહીને રાત્રીના સુમારે જ હુમલો કરતો હોવાથી ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.

દધાલિયા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં દીપડાએ દેખા દેતા જાગૃત ખેડૂતોએ વનવિભાગ તંત્રને જાણ કરવા છતાં પાંજરે પુરાવા કાર્યવાહી કરવામાં ન આવતા લોકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

# ધાનેરામાં વેપારીઓ પોતાની જ દુકાનના ઓટલા પર વેપાર કરવા માટે મજબૂર બન્યા

### વેપારીઓ એ સરકાર પાસે અશ્રુભીની આંખ સાથે બે હાથ જોડી પોતાની દુકાનનું સીલ ખોલવા માટે રજૂઆત પણ કરી : ધાનેરાના લાયબ્રેરી વિસ્તારમાં ૩૫ જેટલા દુકાનદારો સાથે છેતરપિંડી કરનાર ને જેલભેગા કરો : જનાક્રોશ

ધાનેરાના લાઈબ્રેરી વિસ્તારની દુકાનો શ્રી સરકાર થઈ જતા તંત્ર દ્વારા દુકાનો અને દિવાળી પહેલાં જ સીલ મારવામાં આવ્યો હતો જેથી કરીને વેપારીઓની દિવાળી બગડી હતી અને વેપારીઓને માં મુશ્કેલી સાથે દિવાળી વિતાવી હતી તે બાદ આજે આ દુકાનના કેટલાક વેપારીઓ પોતાની જ દુકાનના ઓટલા પર વેપાર કરવા માટે મજબૂર બન્યા છે અને સાથે સાથે સરકાર પાસે અશ્રુભીની આંખ સાથે બે હાથ જોડી પોતાની દુકાન નું સીલ ખોલવા માટે રજૂઆત પણ કરી છે વેપારીઓની રોજીરોટી છીનવાઈ જતાં વેપારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને પોતાનું ઘર ગુજરાન ચલાવવું પણ ખૂબ જ મુશ્કેલ બન્યું છે ત્યારે તંત્ર પણ આવા વેપારીઓની મુશ્કેલી સમજે અને દુકાનો સીલ ખુલે તેવી લોકોની પણ માંગ ઉઠી રહી છે સરકાર દ્વારા લાઈબ્રેરી વિસ્તાર ની



જગ્યા એક સંસ્થાને બાઈબ્રેરી બનાવવા માટે જગ્યા ફાળવવામાં આવી હતી પરંતુ આ સંસ્થાના સંચાલકો દ્વારા લાઈબ્રેરીની આજુ બાજુ દુકાનો બનાવી દુકાન ખૂબ જ ઊંચા ભાવે લોકોને પધરાવી દીધી હતી અને તે બાદ આ લોકો પાસેથી પાઘડી સિસ્ટમથી ભાડું પણ વસૂલ્યો હતું આ તમામ ૩૫ જેટલા લોકો સાથે છેતરપિંડી કરી હતી અને તે બાદ આ જગ્યા વર્ષો પછી શ્રી સરકાર થઈ જતા વેપારીઓએ ભરેલા પૈસા પણ પાણીમાં ગયા છે અને આજે આ વેપારીઓની દુકાનો છીનવાઈ જતા વેપારીઓને ખૂબ જ મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ત્યાના લોકો માંગ કરી રહ્યા છે કે વેપારીઓ સાથે છેતરપિંડી કરનાર ટ્રસ્ટીઓને જેલભેગા કરવા જોઈએ અને આ વેપારીઓની ફરી રોજીરોટી મળે તે માટે સરકારના ધારાધોરણ મુજબ આ દુકાનોને સીલ ખોલી વેપારીઓની વારે આવે તેવી લોક માંગ ઉઠી રહી છે.



# પતિ-સસરાના અસહ્ય બનેલ ત્રાસથી મહિલાએ કુવામાં ઝંપલાવી મોતને વ્હાલું કર્યું, ત્રણે બાળકો નિરાધાર બન્યા

સાબરકાંઠા જીલ્લામાં હત્યા, આત્મહત્યાના અને દુષ્કર્મના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામે ત્રણ બાળકોની માતાએ તેના પતિ અને સસરાના અસહ્ય બનેલ ત્રાસથી ત્રાહિમામ પોકારી તેના જ ખેતરમાં આવેલ કુવામાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી. મહિલાની આત્મ હત્યાના પગલે મહિલાના પિયર પક્ષના લોકો મોટી સંખ્યામાં ભિલોડા કોટેજ હોસ્પિટલ ઉમટ્યા હતા. ભિલોડા પોલીસે મૃતક મહિલાના મૃતદેહને પીએમ માટે ખસેડી પતિ અને સસરા વિરુદ્ધ દુષ્પ્રેરણનો ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આત્મહત્યાના પગલેપિતા પણ જેલના સળિયા પાછળ ધકેલાતા ત્રણે માસુમ



બાળકો નોધારા બન્યા હતા. ભિલોડા રામપુરી ગામના રત્નાજી બેચરજી તબિયારની પુત્રી ઉર્મિલાબેનના લગ્ન કુંડોલપાલ ગામના શૈલષ હીરાજી ડામોર સાથે ૧૫ વર્ષ અગાઉ સામાજીક રીતરીવાજ મુજબ થયા હતા. લગ્નના શરૂઆતના દિવસોમાં પતિ અને સાસરીપક્ષ તરફથી સારી રીતે રાખ્યા બાદ ત્રણ બાળકોના જન્મ બાદ મહિલાનો પતિ ઉર્મીલાબેનને કોઈની સાથે બોલવા ચાલવા દેતો નહીં અને ઘરની બહાર પણ નહિ નીકળવા દેતો હોવાની સાથે માનસિક ત્રાસ આપતા મહિલાના સસરા પણ તેમના પુત્રનું ઉપરાણું લેતા હોવાથી અનેકવાર મહિલા પિયર આવી જતી હતી, પુત્રીનો સંસાર બગડે નહીં અને હમણાં જમાઈ સુધરી જશે તેમ સમજી જમાઈને ઠપકો આપી સાસરી મોકલી આપતા હતા.